# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-05-2024** **Evening : 7.50 to 8.00**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

- ✓ કેન્દ્રીય ગૃહમંત્રાલયે નાગરિકતા સંશોધન નિયમ, 2024 અંતર્ગત પ્રથમ સેટના નાગરિકતા પ્રમાણપત્રોની જાહેરાત કરી
- ✓ મુખ્ય ચૂંટણી કમિશ્નરે લોકસભા ચૂંટણીના પાંચમા અને છઠ્ઠા તબક્કાની ચૂંટણી તૈયારીઓની સમીક્ષા કરી
- ✓ લોકસભા ચૂંટણી માટે પ્રચાર કરતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું ભાજપ સરકાર 100 દિવસના એજન્ડા સાથે કામ કરશે...તો કોંગ્રેસ રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડેગેએ ભાજપ સામે પ્રહાર કર્યા.
- ✓ પશ્ચિમ બંગાળમાં જાહેર સભા સંબોધતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે ભાજપ સરકાર પાકિસ્તાન હસ્તકનું કાશ્મીર પાછું લેવા માટે કટિબદ્ધ છે
- ✓ અને ફ્રાન્સમાં આયોજીત કાન્સ ફિલ્મ મહોત્સવમાં ભારત મંડપમનું ઉદ્ઘાટન.....ભારત પહેલીવાર આ મહોત્સવની યજમાની કરી રહ્યું છે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CAA _ NOTIFICATION

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા નાગરિકતા સંશોધન નિયમ, 2024 અંતર્ગતના પ્રથમ જાહેરનામા બાદ આજે નાગરિકતા પ્રમાણપત્રોનો પ્રથમ સેટ જાહેર કરાયો હતો. કેન્દ્રીય ગૃહ સચિવ અજય કુમાર ભલ્લાએ નવી દિલ્હીમાં 14 અરજદારોને નાગરિકતા પ્રમાણપત્ર સોંપ્યા હતા. ગૃહમંત્રાલય અનુસાર કેટલાંક ઉમેદવારોને ઇમેલ દ્વારા ડિજીટલ પ્રમાણપત્રો જાહેર કરાયા છે.

ગૃહસચિવે ઉમેદવારોને શુભેચ્છા પાઠવી હતી. તેમણે નાગરિકતા સંશોધન નિયમ, 2014ની મુખ્ય જોગવાઈ વિશે વાત કરી, જેને ગત 11 માર્ચના રોજ પ્રસિદ્ધ કરાઈ હતી. આ પ્રક્રિયા અંતર્ગત પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાન મૂળના હિન્દુ, શીખ, જૈન, બૌદ્ધ, પારસી અને ઇસાઇ સમુદાયના લોકોએ નાગરિકતા માટે અરજી કરી હતી.

.................

# EC - POLL PREPARATION

ચૂંટણી પંચે લોકસભાના પાંચમા અને છઠ્ઠા તબક્કાની તૈયારીઓની સમીક્ષા કરી હતી. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સિંધુ સાથે મળીને પાંચમા તબક્કાની 49 બેઠકો,...જ્યારે કે છઠ્ઠા

તબક્કાની 57 બેઠકો પર ફરજ પર મૂકાયેલા ચૂંટણી કર્મીઓ સાથે વીડિયો કૉન્ફરન્સ કરી હતી. પાંચમા તબક્કા માટે 20 અને છઠ્ઠા તબક્કા માટે 25 મેના રોજ મતદાન થશે.

.................

## PM _ MAHA PRACHAR

ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના નાશિક જિલ્લાના ડિંડોરીમાં ચૂંટણી સભાને સંબોધન કર્યું હતું. શ્રી મોદીએ કહ્યું કે કોવીડ મહામારી દરમિયાન ભારતની કામગીરીની આંતરરાષ્ટ્રીય સ્તરે સરાહના થઈ હતી. તેમણે કહ્યું કે લોકોને સુગમ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે નાશિકના ગામોમાં છસ્સોથી વધારે આયુષ્યમાન આરોગ્ય મંદિર અને ઘણા જનઔષધિ કેન્દ્રો સ્થાપિત કરાયા. શ્રી મોદીએ કહ્યું કે એનડીએ સરકાર ખેડૂતો, યુવાનો અને મહિલાઓ તેમજ વંચિતોના કલ્યાણ માટે વચનબદ્ધ છે.

મહારાષ્ટ્રના કલ્યાણમાં જાહેર સભાને સંબોધતા કૉંગ્રેસ સામે પ્રહાર કરતા કહ્યું કે દરેક ચૂટણીમાં ગરીબી હટાવવાનું સૂત્ર આપનારાઓએ દેશને ભ્રષ્ટાચારનું કેન્દ્ર બનાવી રાખ્યુ હતું. વધુમાં તેમણે ઉમેર્યું કે સરકાર 100 દિવસના એજન્ડા પર કામ કરશે અને યુવાનો સરકારને પોતાના સૂચનો મોકલી શકે છે. શ્રી મોદીએ મોડી સાંજે મુંબઈમાં રોડ શૉ પણ કર્યો હતો.

કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ ઉત્તર પ્રદેશના અમેઠીમાં ચૂંટણી પ્રચાર કરતા ભાજપ સામે પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે ભાજપ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લોકોમાં ભ્રમ ફેલાવી રહ્યા છે.

. . . . . . . . . . . . . . .

## AMIT SHAH _ POK

કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહે કહ્યું છે કે ભારતીય જનતા પક્ષની સરકાર પાકિસ્તાન કબ્જા હેઠળના જમ્મૂ કાશ્મીરને પાછું લેવા માટે કટિબદ્ધ છે. પશ્ચિમ બંગાળના હુગલીમાં સભાને સંબોધતા શ્રી શાહે કહ્યું કે પાકિસ્તાન અધિકૃત જમ્મૂ કાશ્મીરના લોકો પાકિસ્તાનથી સ્વતંત્ર થવાની માંગ સાથે પ્રદર્શનો કરી રહ્યા છે.

કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે આ વર્ષે કાશ્મીરમાં રેકોર્ડ બ્રેક પર્યટક આવ્યા. કલમ 370 વિશે વાત કરતાં તેમણે કહ્યું કે મમતા બેનર્જી અને કૉંગ્રેસ તેને હટાવવાના પક્ષમાં નહોતા. જોકે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કલમ 370ને હટાવીને કાશ્મીરને ભારત સાથે જોડી દીધું.

શ્રી શાહે કહ્યું કે પશ્ચિમ બંગાળની મમતા સરકાર બાંગ્લાદેશી ઘૂષણખોરીનો વોટ બેંક તરીકે ઉપયોગ કરી રહી છે. તેમણે કહ્યું કે બાંગ્લાદેશથી આવેલા હિન્દુ, બૌદ્ધ, જૈન અને શીખોને નાગરિકતા સંશોધન કાનૂન અંતર્ગત નાગરિકતા આપવામાં આવશે.

................

# BIHAR CAMPAIGNING

લોકસભાના પાંચમા તબક્કા માટે ચૂંટણી પ્રચાર પૂર જોશમા ચાલી રહ્યો છે. જુદા જુદા પાર્ટીઓના સ્ટાર પ્રચારકો મતદારોને રિઝવવા પ્રયાસ કરી રહ્યા છે.

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાએ પૂર્વીય ચંપારણના સિરોનામાં ચૂંટણી પ્રચાર કર્યો હતો. અહીં સભાને સંબોધતા તેમણે આરોપ મૂક્યો કે કોંગ્રેસ આંધ્ર પ્રદેશ અને કર્ણાટકમાં ધર્મના નામે અનામત આપીને આમ્બેડકરનું અપમાન કરી રહી છે.

ભાજપ અધ્યક્ષે કહ્યું કે પ્રધાનમંત્રી મોદીએ તુષ્ટિકરણ અને જાતિ આધારિત રાજકારણને ખતમ કરી દીધું, કારણ કે તેમનો સંકલ્પ ભારતને એક વિકસીત રાષ્ટ્ર બનાવવાનો છે.

ભાજપના પ્રદેશ અધ્યક્ષ સમ્રાટ ચૌધરી તેમજ એનડીએના અન્ય નેતાઓ ચિરાગ પાસવાન, ઉપેન્દ્ર કુશવાહાએ પણ જાહેર સભા કરી હતી.

ઇન્ડિ ગઠબંધનમાંથી કોંગ્રેસના નેતા, આરજેડી અને વિકાસશીલ ઇન્સાલ પાર્ટીના નેતાઓએ પણ બિહારમાં ચૂંટણી પ્રચાર કર્યો હતો.

................

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

. . . . . . . . . . . . . . .

## INDIA CANNES

માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ સંજય જાજૂ તેમજ ફ્રાન્સ અને મોનાકોમાં ભારતીય રાજદૂત જાવેદ અશરફે આજે કાન્સ ફિલ્મ મહોત્સવમાં ભારત મંડપમનું ઉદ્ઘાટન કર્યું હતું. ભારત પહેલીવાર આ મહોત્સવની યજમાન બન્યું છે. કાન્સમાં ભારત મંડપમ, ભારતીય ફિલ્મ જગતના લોકો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓમાં સામેલ થનારાઓને મંચ પૂરું પાડશે. જેમાં મનોરંજન અને મીડિયા જગતના પ્રતિષ્ઠિત લોકો ઉપરાંત નિર્માણ કાર્યમાં સહકારને પ્રોત્સાહન આપવું, માહિતીનું આદન- પ્રદાન, વિતરણ સંબંધી સમજૂતી પર હસ્તાક્ષર, વેપાર સંબંધી બેઠકો અને સંપર્કને પ્રોત્સાહનનો સમાવેશ થાય છે.

ભારત મંડપમને અમદાવાદના રાષ્ટ્રીય ડિઝાઇન સંસ્થાન – **NID**એ ડીઝાઇન કર્યું છે. જેને ‘સૂત્રધાર’ નામ અપાયું છે, જે આ વર્ષના વિષય ‘ક્રિએટ ઇન ઇન્ડિયા’ને અનુરૂપ છે.

................

# KAMALA BENIVAL DEATH

ગુજરાતના ભૂતપૂર્વ રાજ્યપાલ ડૉ કમલા બેનિવાલનું આજે નિધન થયું છે. તેઓ 97 વર્ષના હતા. ડૉ. બેનિવાલે 27 નવેમ્બર 2009 થી છઠ્ઠી જુલાઇ 2014 દરમ્યાન ગુજરાતના રાજ્યપાલ તરીકે સેવા આપી હતી. આ ઉપરાંત તેઓ ત્રિપુરા અને મિઝોરમ રાજ્યના પણ રાજ્યપાલ રહી ચૂક્યા હતા. ડૉ. કમલા બેનિવાલ રાજસ્થાન સરકારમાં પ્રથમ મહિલા નાયબ મુખ્યમંત્રી પણ રહ્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડો.બેનીવાલના  નિધન પર દુઃખ વ્યક્ત કર્યું છે. એક સોશિયલ મીડીયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે ડો. બેનીવાલની રાજસ્થાનમાં  લાંબી રાજકીય કારકીર્દી હતી. તેમણે ખંતથી લોકોની સેવા કરી હતી. શ્રી મોદીએ કહ્યું કે જ્યારે તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે ડો.બેનીવાલ ગુજરાતના રાજ્યપાલ હતા. જેથી તેઓએ તેમની સાથે ઘણીવાર ચર્ચાઓ કરી હતી.

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ડૉ કમલા બેનિવાલના નિધન અંગે શોકની લાગણી વ્યક્ત કરતાં શ્રદ્ધાંજલિ પાઠવી છે. અને ડૉ. બેનિવાલના પરિવારજનોને સાંત્વના પાઠવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડૉ કમલા બેનિવાલના નિધન અંગે ઊંડા શોકની લાગણી વ્યક્ત કરતાં શ્રદ્ધાંજલિ પાઠવી છે. તેમણે સદગતના આત્માની શાંતિ માટે પ્રાથના કરી છે  અને ડૉ. બેનિવાલના પરિવારજનોને સાંત્વના પાઠવી છે.

.................

## MANISH SISODIA

દિલ્હીની એક અદાલતે આજે આબકારી નીતિ કૌભાંડ સંબંધીત એક કેસમાં ઉપ-મુખ્યમંત્રી મનિષ સિસોદિયાની ન્યાયિક કસ્ટડી આ મહિનાની 30 તારીખ સુધી વધારી દીધી છે. કેન્દ્રીય તપાસ પંચ – **CBI** એ આ મામલે મનિષ સિસોદિયાને આરોપી બનાવતા કેસ દાખલ કર્યો હતો. ન્યાયિક કસ્ટડી પૂરી થતા સિસોદિયાને વીડિયો કોન્ફકેન્સિંગ દ્વારા અદાલત સમક્ષ રજૂ કરાયા હતા. આપ નેતાએ દાખલ કરેલી જામીન અરજી પરની સુનાવણી અંગેનો ફેંસલો અદાલતે સુરક્ષિત રાખ્યો છે.

.................

## IMD _ WEATHER

હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત સહિત દેશના કેટલાંક ભાગોમાં વરસાદની આગાહી વ્યક્ત કરી છે. આવતીકાલે રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશના અમુક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. જોકે પશ્ચિમી રાજસ્થાન, પંજાબ, હરિયાણાના દક્ષિણ ભાગોમાં ગરમી યથાવત રહેશે. આગામી ચાર દિવસોમાં ઉત્તર પૂર્વીય અને પૂર્વીય રાજ્યોમાં તાપમાનમાં 3થી 4 ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે.